# ભાવનગર જિલ્લાનો આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

## જિલ્લાના કુલ ૬૨૨૪૫ બાળકોની ૬૩૦ મેડીલક ટીમોએ તપાસણી કરી

ભાવનગર તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા આયોજીત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તા. ૦૩ થી તા. ૧૦ સુધી ભાવનગર જિલ્લામાં કુલ ૬૨૨૪૫ બાળકોની ૬૩૦ મેડીકલ ટીમોએ તપાસણી હાથ ધરી વિના મૂલ્યે સેવા પુરી પાડી હતી.

આ કાર્યક્રમ સંદર્ભે જિલ્લાની કુલ ૧૯૨ સંસ્થાઓને આવરી લઈ આંગણવાડીના ૧૯૧૮૩, પ્રાથમિક, ખાનગી, સરકારી શાળાના ૩૧૪૭૬, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક હાઈસ્કુલ સરકારી તેમજ ખાનગીના ૧૧૩૫૮, શાળાએ ન જતા ૨૨૮ એમ કુલ ૬૨૨૪૫ બાળકોની ૬૩૦ મેડીકલ ટીમોએ તપાસણી હાથ ધરી વિના મૂલ્યે સેવા પુરી પાડી હતી. તબીબી અધિકારીએ અઠવાડિયા દરમ્યાન ૧૧૨૫૪ બાળકોની તપાસણી કરી, સ્થળ પર ૯૯૧૪ બાળકોને પ્રાથમિક સારવાર આપવામા આવી, સંદર્ભ સેવામાં ૧૬૭૫ બાળકોને તપાસવામાં આવ્યા, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૩૧૦ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, આંખરોગ નિષ્ણાંત દ્વારા ૬૮૩ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, દાંતરોગ નિષ્ણાંત દ્વારા ૩૦૬ બાળકોને તપાસી અને સારવાર અપાઈ, કાન, નાક, ગળાના નિષ્ણાંત દ્વારા ૧૯૮ બાળકોને તપાસી અને સારવાર અપાઈ હતી.

સ્ટેચ્યુ ઓફ યુનિટિ બાદ દક્ષિણ ગુજરાતમાં વધુ એક પ્રવાસન સ્થળ બનશે

# ગાંધીજીની પ્રતિમાનું લોકાર્પણ કરવા મોદી ૩૦ જાન્યુ.એ ગુજરાત આવશે

નવસારી,તા.૧૦

સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિ બનાવ્યા બાદ સરકાર દ્વારા ઐતિહાસિક દાંડી ખાતે દાંડી સ્મૃતિ યાત્રા પ્રોજેક્ટનું લોકાપર્ણ માટે તૈયારી થઈ રહી છે. આગામી ૩૦ જાન્યુઆરીના રોજ વડા પ્રધાનનો દક્ષિણ ગુજરાતનો સંભવિત પ્રવાસ હોવાથી આ પ્રોજેક્ટ વડા પ્રધાનના હસ્તે ખુલ્લો મુકાય તે માટે કવાયત શરૃ થઈ ગઈ છે. દાંડી ખાતે બનાવાયેલા આ પ્રોજેક્ટમાં ગાંધીજી સાથે દાડી યાત્રામાં જોડાયેલા ૮૦ સ્વાતંત્ર્ય સેનાનીના પુર્ણ કદની પ્રતિમા બનાવી દેવામાં આવી છે. નવસારી નજીક આવેલા ઐતિહાસિક દાંડી માટે હેરીટેજ રોડ સહિત અનેક જાહેરાત કરવામાં આવી હતી પણ દાંડીને ઐતિહાસિક સ્થળ તરીકે વિકસાવવા માટે કોઈ મોટુ આયોજન થયું ન હતું. જોકે, હાલમાં દાંડી ખાતે ૧૬ એકરની જગ્યામાં દાંડી યાત્રા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ૩૦ જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખુલ્લો મુકવામા આવે તેવી કવાયત થઈ રહી છે.



નવસારીના સાંસદ સી.આર.પાટીલે કહ્યું હતું કે, દાંડી ખાતે ૧૬ એકરમાં બનાવેલા આ પ્રોજેક્ટમાં ગાંધીજી સાથે દાડી યાત્રામાં જોડાયેલા ૮૦ સ્વાતંત્ર્ય સેનાનીની પુર્ણ કદની પ્રતિમા બનાવવાનું મુશ્કેલ કામ પુરૃ ક રી દેવાયું છે. આ ઉપરાતં આ જગ્યાએ લાઈટ માટે ૪૨ સોલાર ટ્રી બનાવવામાં આવ્યા છે તેમાંથી જ આખા પ્રોજેક્ટની લાઈટ પુરી પાડવામાં આવશે. તેઓએ વધુમાં કહ્યું હતું, આ જગ્યા એ છ લાખ લીટર પાણીનું તળાવ છે અને ચાર લાખ લીટર પાણીની અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ બનાવી છે. આથી કેન્દ્ર સરકાર દ્વારા આ ઐતિહાસિક સ્થળ દાંડી ખાતે મહાત્મા ગાંધીજીનું સ્મરણ જળવાઈ રહે તે માટે સ્થળને વિકસાવવાનો નિર્ણય કરાયો છે. જેના ભાગરૂપે નવસારીથી લગભગ ૨૦ કિલોમીટર દૂર દાંડી ખાતે કેન્દ્ર સરકારે ૭૨ કરોડથી વધુના ખર્ચે અહીં મહાત્મા ગાંધીની પ્રતિમાનું તળાવ અને ગાંધીજીના આબેહૂબ ચિત્ર સાથેની વિશાળ ગેલેરી બનાવી છે. આ જગ્યાએ મોટી જ્યોત કાયમી પ્રગટે તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેવી રીતે સરદાર સરોવર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટિ બનાવાયું છે તેવી જ રીતે દાંડીના ઐતિહાસિક સ્થળે બનાવવામાં આવેલી આ સ્મૃતિ ગુજરાત કે ભારત જ નહીં પરંતુ વિદેશના પ્રવાસીઓ માટે પણ આકર્ષણનું સ્થાન બની રહે તે માટે આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ભાવનગર તાલુકાના હાથબ ગામે તા. ૧૫ના રોજ માપણી કામગીરી હાથ ધરાશે

ભાવનગર તા. ૧૦

ગામઠાણ સરવે પ્રોજેક્ટ અન્વયે ભાવનગર તાલુકાના હાથબ ગામે તા. ૧૫ના રોજ માપણી કામગીરી હાથ ધરવામા આવશે. આ કામગીરીમાં ગામઠાણ સર્વેયર આઈ. આર. ગોહિલ, જી. સી. એન. નેટવર્ક ઓબ્ઝર્વેશન સાથે માપણી કામગીરીમાં હાજર રહેશે જેની સંબંધિતોએ નોંધ લેવા જિલ્લા નિરિક્ષક જમીન દફતર, ભાવનગર એ જણાવ્યુ છે.

# બિન અનામત વર્ગોના આયોગની આજે સર્કીટ હાઉસ ભાવનગર ખાતે બેઠક યોજાશે

ભાવનગર તા. ૧૦

સભ્ય સચિવ ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોના આયોગનીક ામગીરી અને યોજનાઓની જાણકારી આપવા બાબતે તા. ૧૧-૦૧-૨૦૧૯ને શુક્રવારના રોજ બપોરના ૧-૦૦ કલાકે ભાવનગર જિલ્લાની સામાજિક આગેવાનો સાથે સર્કિટ હાઉસ, ભાવનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. આયોગના તમામ પદાધિકારીઓએ સદ બેઠકમાં ઉપસ્થિત રહેવા સભ્ય સચિવ ગુ-જરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવેલ છે.

# જૂનાગઢ : ગુજરાતમાં મિની કુંભ મેળાનું થશે આયોજન, રાજ્ય સરકારે ૧૫ કરોડ ફાળવ્યા



**રાજ્ય સરકારે આગામી શિવરાત્રી મેળાના ભવ્ય આયોજન માટે ૧૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી**

અમદાવાદ,તા.૧૦

મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી બેઠકમાં આ મેળા ના આયોજન અંગેનો નિર્ણય લેવાયો હતો. ૨૭ ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમિયાન ગિરનાર શિવરાત્રી મેળો યોજાશે. આ વર્ષે મેળો સામાજિક સમરસતા ની થીમ સાથે ઉજવવામાં આવશે.

સ્વૈચ્છીક સંસ્થાઓ ના સહયોગ થી સ્વચ્છતા ઝુંબેશ, કુંડો નદી નાળા ની સફાઈ , મેરેથોન દોડ પર્વતારોહણ સ્પર્ધા, સ્પિરિચ્યુઅલ વોક ના નવા આકર્ષણો પણ મેળા માં જોડવામાં આવશે.

મુખ્યમંત્રી એ જુનાગઢ ના આ મેળા ને પ્રયાગરાજ માં યોજાતા કુંભમેળા સમકક્ષ મીની કુંભમેળા તરીકે યોજવાની જાહેરાત કરી છે. ગુજરાતના અધિકારીઓની એક ટીમ ને માહિતી માટે ત્યાં મોકલી હતી. આ ટીમ ના સુચનોને ધ્યાનમાં લઈ ને ગિરનાર કુંભ મેળો ભવ્ય બનાવવાની વાત કરી હતી. મુખ્યમંત્રીએ સુચન કર્યુ કે મેળા માં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તેમજ સરકારી ભવનો ઉપર કુંભ મેળાને અનુરૂપ ચિત્રો, સુશોભન , એલઈડી લાઈટ્સ મુકવામાં આવશે. મેળાના દિવસો દરમિયાન ગિરનાર પર્વતની દીવાલ ઉપર લેઝર શો ફૂલો અને કલર ની રંગોળી પણ કરવા માં આવશે મેળા માં આવનારા શ્રદ્ધાળુઓ માટે વધુ સંખ્યા માં બસ ફાળવણી કરવા સાથે આ મેળો ભવ્ય સ્વચ્છ અને આધ્યાત્મિક ભાવનાનું આગવું પ્રતીક બને તેવા આયોજન માટે મુખ્યમંત્રી એ તાકીદ કરી હતી.

# રાહુલ ગાંધીને મારા પર ભરોસો, જોઈએ તે જવાબદારી આપશે : અલ્પેશ ઠાકોર

ગાંધીનગર,તા.૧૦

રાધનપુરના કોંગ્રેસના ધારાસભ્ય તેમજ ઠાકોર સેનાના સ્થાપક અલ્પેશ ઠાકોરે ગુરુવારે નવી દિલ્હી ખાતે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિત અને કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક કહલ અંગે વાતચીત થઈ હતી. અલ્પેશ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીએ તેમની વાત સાંભળી છે, તેમને મને જ્યાં પણ કામ કરવું હોય ત્યાં કરવાની ઓફર પણ આપી છે. સાથે જ અલ્પેશ ઠાકોરે એવું જણાવ્યું હતું કે પક્ષમાં સાચી વાત કરવી તેને ગદ્દારી ન કહી શકાય. "આજની બેઠકમાં મેં ગુજરાતની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અંગે રાહુલ ગાંધીને વાકેફ કરાવ્યા હતા. આ ઉપરાંત ગુજરાતમાં કેવી રીતે ચૂંટણી જીતી શકાય, કેવી રીતે તૈયારી કરી શકાય, પાર્ટીને કેવી રીતે મજબૂત કરી શકાય તે તમામ વાતો અંગે વાતચીત થઈ હતી. મેં રાહુલ ગાંધી પાસે માંગણી કરી હતી કે મને ગુજરાતની જવાબદારી સોંપવામાં આવે. હાલ



તેમને મને એવું કહ્યું છે કે હું બિહારની જવાબદારી ચાલુ રાખું. આગામી મુલાકાતમાં કંઈક વિચારીશું તેવું તેમણે કહ્યું છે. હું તેઓ પરત ફરશે ત્યારે ફરીથી તેમની સાથે મુલાકાત કરીશ." અલ્પેશે જણાવ્યું કે, "મને બીજેપી તરફથી કોઈ ઓફર મળી નથી. બીજેપીના કોઈ નેતાએ મારી સાથે ચર્ચા પણ નથી કરી. હું ક્યાંક નથી જઈ રહ્યો. પરંતુ પાર્ટીને વધારે ફાયદો થાય, તેમજ પાર્ટીનું સંગઠન મજબૂત થાય તે માટે આગેવાનોએ કાર્યકરો વતી બોલવું પડે છે. નેતાગીરી સામે સાચી વાત રજૂ કરવાને બળવો ન કહી શકાય. જો આવું જ થાય તો લોકો સાચી વાત બોલવાનું જ બંધ કરી દે."

# ચાર સપ્તાહમાં ગુલબર્ગ હત્યા કાંડની અપીલ માટેનાં પેપર તૈયાર કરો: હાઈકોર્ટ

)અમદાવાદ,તા.૧૦

અમદાવાદના મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાસે આવેલી ગુલબર્ગ સોસયટી પર ૨૮ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ તોફાનીઓએ હુમલો કર્યો હતો. આ ઘટનામાં કુલ ૬૯ લોકોના મોત થયા હતા. હાઈકોર્ટનાં જસ્ટિસ જે બી પારડી વાળા અને જસ્ટિસ એ પી રાવની ખંડપીઠે વહીવટી વિભાગ સામે લાલ આંખ કરતા અપીલ માટેના પેપર ચાર સપ્તાહમાં ત્યાર કરવાનો હુકમ કર્યો છે. હાઈકોર્ટે કહ્યું છે કે આ કેસને લગતા તમામ પેપર્સની એક પેપર બુક બનાવીને ચાર સપ્તાહ એટલે એક મહિના જેટલા સમયગાળામાં રજૂ કરવામાં આવે. તે પછી જ આની આગામી સુનાવણી થષે. આ કેસમાં અમુક દોષિતોને આજીવન કેદની સજા અને કેટલાકને ૧૦ વર્ષની સજા કરવામાં આવી હતી. જેની સામે પીડિત પક્ષે નિર્દોષ છૂટેલા આરોપીઓને સજા થાય તે



માટે માગ કરી હતી. હાઈકોર્ટે હુકમ કરતા કહ્યું છે કે, ૨૦૧૬માં વિશેષ કોર્ટના ચુકાદા સામે આરોપીઓએ કરેલી અપીલને ટોપ પ્રાયોરિટી આપવામાં આવે. . કોર્ટના હુકમનો તત્કાલીન અમલ કરીને પેપર ત્યાર કરવામાં આવે તેવું પણ કહેવામાં આવી રહ્યું છે. આ કેસમાં છેલ્લા દસ વર્ષથી આરોપીઓ જેલમાં બંધ છે. પરંતુ તેમને અપીલ હજી આપવામાં આવી નથી. તેમને પ્રાયોરિટી આપવામાં આવે તેવો હુકમ ફરમાવવામાં આવ્યો છે.

મહત્વનું છે કે આ ઘટનામાં જ્યાં ૬૯ લોકોનાં મોત થયા હતાં તેમાં કોંગ્રેસના પૂર્વ સાંસદ એહસાન જાફરી પણ હતા. આ હત્યા કાંડમાં ૩૯ લોકોના શબ મળ્યા હતા. પરંતુ બાકી ૩૦ લોકોના શબ મળ્યા નહોતા. જેમાં ૭ વર્ષ પછી કાયદાકીય રીતે તેમનું મોત થયું હોવાનું માનવામાં આવે છે. આ ઘટનામાં એક અઝહર પણ હતો. જે પારસી માતા-પિતા રૂપા અને દારા મોદીનો પુત્ર હતો.

પોલીસને જયંતી ભાનુશાળીનું ફેક આઈડી મળ્યું

# ભાનુશાળી કેસમાં રેલવે પોલીસે આરોપીનાં ૨ સ્કેચ તૈયાર કર્યા

અમદાવાદ,તા.૧૦

ભાજપના દિગ્ગજ નેતા જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં પોલીસ દ્વારા ઘટનાને ઉકેલવા માટે આકાશ-પાતાળ એક કરી રહી છે. કચ્છના રાજકારણમાં કિંગ ગણાતા જયંતિ ભાનુશાળીની હત્યાના પગલે ગુજરાતની રાજનીતિમાં ભૂકંપ જેવી સ્થિતિ ઉભી થઇ છે. આ ઘટનાને હજી બે દિવસ થયા છે પરંતુ તેમાં પોલીસને કેટલીક મહત્વપૂર્ણ કડીઓ સામે આવતી જાય છે. ભાજપના દિગ્ગજ નેતા જયંતિ ભાનુશાળી કેસમાં હવે હત્યારાઓ સુધી પહોંચવા માટે સ્કેચનો સહારો લેવામાં આવી રહ્યો છે. આ કેસમાં સુરતના એક મુસાફરે હત્યારાઓને જોયા હોવાની વિગત સામે છે. આ મુસાફરનું નિવેદન લઈને તેના આધારે સ્કેચ તૈયાર કરવામાં આવશે, જેથી પોલીસને હત્યારાઓ સુધી પહોંચવામાં સરળતા રહેશે. રેલવે પોલીસે હાલ હત્યારાઓના ૨ સ્કેચ તૈયાર કર્યા છે, જે સુરતના પેસેન્જર અને એટેન્ડન્ટના જણાવ્યા અનુસાર આ સ્કેચ તૈયાર કરાવવામાં આવ્યા છે. હાલ એવું જાણવા મળી રહ્યું છે કે, એક વ્યક્તિનો રંગ ઘઉંવર્ણો અને પાતળો છે, જ્યારે બીજો વ્યક્તિ ઉંચો અને રૂપાળો દેખાઈ રહ્યો છે. આ સ્કેચને આશિષ ભાટિયા પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેર કરશે. જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં એસઆઈટીને અત્યાર સુધી ૪ સ્થળેથી સીસીટીવી ફૂટેજ મેળવ્યા છે. આ કેસમાં રેલવે ટીસી અને એટેન્ડન્ટની પુછપરછ કરાઇ હતી, જેમાં તેઓએ જણાવ્યું હતું કે, કોચના ડબ્બામાંથી જે અવાજ આવ્યો હતો, તે ફાયરિંગનો હતો, પરંતુ અમે રેલવેના બારીનો કાચ તૂટ્યો હોવાનું સમજ્યા હતા. પોલીસને આ કેસમાં હત્યારાઓએ બે હથિયારનો ઉપયોગ કર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ જયંતી ભાનુશાળી પાસેથી ફેક આઈડી કાર્ડ મળી આવ્યું છે. તેમની પાસે રહેલા આઈડી કાર્ડમાં ફોટો તેમનો હતો પરંતુ નામ અને એડ્રેસ અન્ય વ્યક્તિના છે. ઈન્વેસ્ટિગેશન ટીમમાં રહેલા એક પોલીસ કર્મીએ જણાવ્યું કે, અમે આઈડી કાર્ડની તપાસ કરી રહ્યા છીએ. અહીં ખાસ વાત તો એ છે કે ભાનુશાળી જે એચ૧ કોચના જી કુપેમાં ટ્રાવેલ કરી રહી હતી, તેમાંથી પોલીસને મનિષ નંદા નામના વ્યક્તિનું ભાયંદર મુંબઈના એડ્રેસનું આધાર કાર્ડ મળી આવ્યું છે.

# ભૂકંપપ્રુફ મકાનની ડિઝાઈન બદલ આઠ યુવાનોને એવોર્ડ

## સેપ્ટમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓની સિદ્ધિ : રેસીલીઅન્ટ હોમ્સ ચેલેન્જ સ્પર્ધામાં વિશ્વભરના ૧૨૦થી વધુ દેશોના ત્રણ હજારથી વધારે આર્કિટેક્ટસે ભાગ લીધો

અમદાવાદ,તા. ૧૦

અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટીમાંથી તાજેતરમાં પાસઆઉટ(પાસ થયેલા) આઠ આર્કિટેક્ટ્સની ટીમ કમ્પાર્ટમેન્ટ એસ ૪ને ભૂકંપપ્રુફ મકાનની ડિઝાઈન બનાવવા બદલ રેસિલિઅન્ટ હોમ્સ ચેલેન્જ વિશ્વસ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. વર્લ્ડ બેન્ક, યુનાઈટેડ નેશન્સ-યુએન હેબીટાટ, એર બીએનભી, જીએફડીઆરઆર(ગ્લોબલ ફેસિલિટી ફોર ડિઝાસ્ટર રિડકશન એન્ડ રિકવરી) અને બિલ્ડ એકેડમી દ્વારા ભૂકંપ, પૂર સહિતની કુદરતી આપત્તિઓ સામે પ્રતિકાર અને રક્ષણ કરી શકે તેવા મકાનની ડિઝાઈન તૈયાર કરવા અંગે યોજાયેલી રેસીલિઅન્ટ હોમ્સ ચેલેન્જ સ્પર્ધામાં દુનિયાભરના ૧૨૦ દેશોના ત્રણ હજારથી વધુ આર્કિટેક્ટ્સે ભાગ લીધો હતો અને તેમાં અમદાવાદના આ યુવા આઠ આર્કેટેક્ટસની ટીમ વિજેતા જાહેર થઈ હતી, જે અમદાવાદ અને સમગ્ર ગુજરાત માટે બહુ મોટા ગૌરવની વાત છે. અમદાવાદ અને ગુજરાતનું ગૌરવ દુનિયાભરમાં વધારનારા સેપ્ટમાંથી પાસ આઉટ થયેલા આ આઠ યુવા આર્કિટેક્ટ્સમાં માનુની પટેલ, ક્રિષ્ણા પરીખ, અમન અમીન, કિશન શાહ, મોનિક શાહ, નિશિતા પરમાર, પ્રાસિક ચૌધરી અને વેદાન્તી અગરવાલનો સમાવેશ થાય છે. આ સમગ્ર સ્પર્ધા અને અનોખી સિધ્ધિ વિશે વાત કરતાં યુવા કમ્પાર્ટમેન્ટ એસ ૪ના યુવા આર્કિટેક્ટ્સ માનુની પટેલ અને ક્રિષ્ણા પરીખે જણાવ્યું હતું કે, રેસીલિઅન્ટ હોમ્સ ચેલેન્જ સ્પર્ધાની સ્પર્ધામાં સૌથી મોટી શરત એ હતી કે, ભૂકંપપ્રુફ મકાનની ડિઝાઈનમાં મટીરીયલ્સ, મજૂરી, માલની હેરફેર કરવાના ખર્ચ સહિત કુલ દસ હજાર અમેરિકી ડોલરમાં ઘરનું બા-ંધકામ થઈ જવું જોઈએ. જો કે, અમારા ઉપરોકત આઠ યુવા આર્કિટેક્ટસની ટીમે પર્વતીય વિસ્તાર અને ખાસ કરીને રીકટર સ્કેલ પર ૭ની તીવ્રતાના ભૂકંપનો પ્રતિકાર કરી શકે તેવી ડિઝાઈન રજૂ કરવામાં આવી હતી. એટલું જ નહી, લોકલ ચીજવસ્તુઓ, વેસ્ટ, લાકડા સહિતના મટીરીયલ્સમાંથી સમગ્ર બાંધકામ તૈયાર કરવામાં આવ્યું હતું. ભૂકંપના ઝોન-૫માં આવતાં ઉત્તર કાશી, ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારોને ધ્યાનમાં રાખીને આ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી. જે ભૂકંપથી ભેખડ ધસી પડે તો પણ રક્ષણ આપે તે પ્રકારની ડિઝાઈન તૈયાર કરાઈ હતી.

એમ્સ બાદ મોદી સરકારની રાજકોટને વધુ એક ગિફ્ટ

# હિરાસર નજીક ૨૫૦૦ એકર વિસ્તારમાં નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ બનશે

રાજકોટ,તા.૧૦

નવુ ગ્રીનફીલ્ડ એરપોર્ટ તૈયાર થતાં ૨૮૦થી વધુ મુસાફરોની વાહન ક્ષમતા સાથેના એરબસ એ ૩૨૦-૨૦૦-બોઈંગ બી ૭૩૭-૯૦૦ જેવાં વિમાનોની સુવિધા રાજકોટ મહાનગર સહિત સૌરાષ્ટ્રને મળતી થશે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે નવા ગ્રીનફીલ્ડ એરપોર્ટના નિર્માણ માટેના સમજૂતિ કરાર એમ.ઓ.યુ. કેન્દ્ર સરકારના એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા અને ગુજરાતના નાગરિક ઉડ્ડયન વિભાગ વચ્ચે ગાંધીનગરમાં સંપન્ન થયા છે. આ સમજૂતી કરાર મુજબ રાજકોટના હિરાસર નજીક નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ ૩૦૪૦ મીટર લાંબા અને ૪૫ મીટર પહોળા રન-વે સાથે ૨૫૦૦ એકર




વિસ્તારમાં નિર્માણ પામશે. આ નવું ગ્રીનફિલ્ડ એરપોર્ટ તૈયાર થતાં ૨૮૦ થી વધુ મુસાફરોની વહન ક્ષમતા સાથે તીવ્ર ગતિ ૫,૩૭૫ કીલોમીટરના વેગથી ઉડ્ડયન કરી શકે તેવા 'સી' પ્રકારના એરબસ ચએ ૩૨૦-૨૦૦, બોઈંગ ચબી ૭૩૭-૯૦૦ જેવાં વિમાનોની સુવિધા રાજકોટ મહાનગર સહિત સૌરાષ્ટ્રને મળતી થશે. આ સુચિત એરપોર્ટ ઉપર સમાંતર બે ટેક્ષી-વે રહેશે. તથા એપ્રન, રેપીડ એક્ઝીટ ટેક્ષી ટ્રેક, ટર્મિનલ બિલ્ડીંગ, કાર્ગો, એમઆરઓ/હેન્ગર્સની સુવિધા પણ ઉપલબ્ધ થવાની છે. સમગ્રતયા આ એરપોર્ટ ૧૦૩૩ હેકટર જેટલા વિસ્તારમાં નિર્માણ થવાનું છે તેમાં ૧૫૦૦ એકર જમીન એરપોર્ટ ડેવલપમેન્ટ માટે, ૨૫૦ એકરનો ગ્રીન ઝોન હશે, ૫૨૪ એકર સીટી સાઈડ પેસેંજર સુવિધા માટે અને એવીએશન પાર્ક માટે ૨૫૦ એકર જમીનનો ઉપયોગ થનાર છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ એરપોર્ટના નિર્માણનો સમગ્રતયા રૂ. ૨૫૦૦ કરોડનો ખર્ચ તબક્કા વાર એરપોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા કરશે અને એરપોર્ટ માટેની જમીન રાજ્ય સરકાર ઉપલબ્ધ કરાવશે.

# બાઈક બસ ટકરાતા દંપત્તિના મોતથી ભારે ચકચાર

અમદાવાદ,તા.૧૦

વડોદરા શહેરથી ૪૦ કિ.મી.દૂર હાલોલ ખાતે પાવાગઢ રોડ પર સર્જાયેલા એક વિચિત્ર અકસ્માતમાં છકડાની ટક્કરથી બાઈક લકઝરી બસને અથડાતાં બાઈક પર સવાર દંપત્તિનું કરૂણ મોત નીપજયું હતુ, જયારે તેમની છ વર્ષની બાળકીને ગંભીર ઈજાઓ પહોંચતા તે હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાઈ હતી. અકસ્માતના આ બનાવને પગલે તેમ જ દંપત્તિના મોત અને બાળકી અનાથ બનતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને શોકની લાગણી પ્રસરી ગઈ હતી. વડોદરા શહેરથી ૪૦ કિ.મી.દૂર હાલોલ ખાતે પાવાગઢ રોડ પર આજે બપોરે છકડાએ બાઈકને ટક્કર મારી હતી. છકડાની ટક્કરના કારણે બાઈક સામે આવતી લકઝરી બસ સાથે અથડાયુ હતું. આ અકસ્માતમાં બાઈક પર જતાં પરિવાર પૈકી યુવકનું ઘટના સ્થળે જ મોત થયુ હતું. જયારે યુવકની પત્ની અને ૬ વર્ષની બાળકીને ગંભીર ઈજાઓ સાથે વડોદરા ખસેડાઈ હતી જયાં પત્નીનું મોત થયુ હતું. ઈજાગ્રસ્ત બાળકી હાલ સારવાર હેઠળ છે. કાલોલ તાલુકાનાં મલાવ ગામ પાસે આવેલા મેદાપુરા ગામનાં જેતપુર ફળીયામાં રહેતો જિતેન્દ્ર રયજી પરમાર(ઉ.વ.૨૮) તેની પત્ની રેખા(ઉ.વ.૨૫)અને પુત્રી વનીતા(ઉ.વ.૬)ને લઈને બાઈક પર આજે બપોરે હાલોલ તાલુકાના જેપુરા ગામમાં રહેતા સંબંધીને મળવા જતાં હતાં. તેઓ હાલોલમાં પાવાગઢ રોડ પર સીંધવાવ માતાજીના મંદિર પાસેથી પસાર થતાં હતા ત્યારે પાછળથી પુરપાટ ધસી આવેલા એક છકડાએ જિતેન્દ્રની બાઈકને ટક્કર મારી હતી. આ દરમ્યાન જ સામેથી સ્કૂલનાં બાળકોનાં પ્રવાસની એક લકઝરી બસ પણ આવી રહી હતી. છકડાની ટક્કરે જિતેન્દ્રની બાઈક લકઝરી બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં જિતેન્દ્રનું ઘટના સ્થળે જ મોત થયુ હતું જયારે રેખા બેભાન હતી પરંતુ શ્વાસ ચાલી રહ્યાહોવાંથી તેને તથા તેની ઈજાગ્રસ્ત બાળકીને સારવાર માટે એસએસજી હોસ્પિટલ લાવવામાં આવ્યાં હતાં.